


## સલામી સવારની..

*મની-મસલ્સના નેતાઓથી પ્રજા ફડફડે છે!*
*થાય વિરોધ સદનોમાં આક્રોશ ફડફડે છે!*
*ફડફડે છે હૃદયમાં ક્રોધના ઉકળતાં પાણી -*
*લોકશાહીના લિબાશે ધ્રૂજતા ધ્વજ ફડફડે છે!*
*(ફડફડવું (૧), બીક-ડરવું (૨), ઉકળાટ-ઉભરો (૩), કાપડ-ફરકવું)*

હાઈકુ

*લીધી વિદાય..*
*ને થયાં બ્રહ્મલીન -*
*રડે છે શ્રદ્ધા...*
*(પ્રભુ પ્રમુખ સ્વામી)*

*શૌર્ય-સંગ્રામ,*
*ભભૂકે ભાષણોમાં -*
*ચાવી દીધેલો...*
*(રાત ગઈ ને વાત ગઈ...)*

## ચિંતન

### અતિશૂરો દાનશૂરઃ

આ શ્લોક ચાણક્ય સૂત્રમાંથી લેવાયેલ છે.

દાનવીર જ સાચો શૂરવીર છે.

શૌર્ય ચાર પ્રકારનું હોય છે. યુદ્ધ, ધર્મ, દયા અને દાન. આ ચારેયમાં દાન સૌથી શ્રેષ્ઠ શૌર્ય ગણાય છે. દાન કરવા માટે વીર હોવું આવશ્યક છે. કંજૂસ દાન નથી આપી શકતો. કારણ કે કૃપણતા એક કાયરતા છે. કાયર કયારેય દાન ના કરી શકે. આથી દાનવીર સાચો શૂરવીર મનાયો છે.

માણસ પાસે ધન-સંપત્તિ હોય કે આવે એ એક વાત છે એ પરિશ્રમ અને ભાગ્યની વાત છે - સંગ્રહ કરવો માનવ સ્વભાવ છે પરંતુ એ પરિશ્રમથી પ્રાપ્ત કરેલી સંપત્તિ જરૂરિયાતમંદ, ગરીબોને દાનમાં આપી દેવી એના માટે હૃદયની વિશાળતા અને ઉદારતા ખૂબ જ જરુરી છે, માટે આ સૂત્રમાં ચાણક્યએ એવા દાનવીરને શૌર્યવીર પણ કહ્યો છે.

## સુવિચાર

- જેટલી આપણે તપસ્યા કરીએ છીએ એટલું આપણને ભાન થાય છે કે આપણી કેટલા અલ્પજ્ઞાની છીએ - **રમણ મહર્ષિ**
- આપણે કદીયે સાચું જીવન જીવતા નથી, ભવિષ્યમાં જીવીશું તેની રાહ જોવામાં જ અટવાતા હોઈએ છીએ - **સાધુ વાસવાણી**
- દેખાદેખી છે ત્યાં દેખાવો છે, દેખાવો છે ત્યાં મૂર્ખામી છે - **એસ. ભટ્ટાચાર્ટ**
- પૂર્વગ્રહ એટલે ન્યાય તોડ્યા વગરનો ચૂકાદો - **સુરેશ દલાલ**
- આપણી કમનસીબીઓને જેટલી વધુ વાગોળીએ એટલી આપણને નુકશાન કરવાની તેમની શક્તિ વધે છે - **ફાધર વાલેસ**
- જેઓ બુદ્ધિશાળી બની શકતા નથી તેઓ મોટા ભાગે લુચ્ચા હોય છે - **જનકલ્યાણ**
- આજનું ઔષધ : ખાવાના સોડાની પાતળી પેસ્ટ બનાવી દાઝેલા ભાગ પર લગાવવાથી બળતરામાં રાહત થાય છે **(દીપક વી. આસરા)**

## બોધકથા

માણસ પાસે ધન-સમૃદ્ધિ, બંગલા-ગાડી ન હોય તેથી કઈ 'ભિખારી' થઈ જતો નથી, પણ મનમાં 'લાવ-લાવ'ની 'તૃષ્ણા' વૃત્તિ, અસંતોષ જ 'કરોડપતિ' ને પણ ભિખારી બનાવે છે.

એક સંત પાસે એક કાળા નાણાંવાળો આવ્યો ને બે નંબરી સોનામહોર દુરાગ્રહ કરી સંત પાસે મૂકી ગયો. સંત તેની સામે (સોનાનાં બિસ્કીટ) નજર ન પણ ન કરી શિષ્ય ને કહ્યું તું લઈ જા અને તને જે 'ભિખારી' દેખાય તેને આપી દેજે! શિષ્યએ ત્રણ-ચાર ભિક્ષુકને એ સોનામહોર લેવા આગ્રહ કર્યો પણ ભિક્ષુકો કહેતા હતા, ના ભાઈ અમને બે ટંક માત્ર ખાવાનું જોઈએ - સોનાનું નું અમારે કામ નથી.

ત્યાંથી રાજા સૈન્ય લઈ પડોશી દેશને જીતવા જતો હતો. શિષ્યએ એના રથમાં સોનામહોરની કોથળી નાખી દીધી. રાજાએ, સોનામહોર જોઈ એને બોલાવ્યા - કારણ પૂછ્યું : શિષ્ય કહે મારા ગુરુની આજ્ઞા હતી કેકોઈ ભિક્ષુકને આ આપી દીજે! તમે સમૃદ્ધ રાજયના રાજા છો છતાં હજી રાજય ધનસમૃદ્ધિ વધારવાની તમારી 'તૃષ્ણા' જતી નથી તમારાથી વધારે ભિક્ષુક બીજો કોણ હોઈ શકે?!

રાજાને ભાન થયું - સૈન્યને વિદાય કરી એ ગુરુના દર્શને અને શરણે ગયાં.

# વિશ્વવિભૂતિ પ્રમુખસ્વામીને કોટિ-કોટિ વંદન

આઝાદીની 'સિત્તોરમી' સાલગીરીના નામે વડાપ્રધાન નરેન્દ્ર મોદીથી લઈ દરેક રાજયના મુખ્યમંત્રીઓ અને નાનામોટા નેતાઓએ પોતપોતાનું ભારે માર્કેટીંગ કરી દીધું. ગુજરાતને લાગે વળગે છે ત્યાં સુધી આ વખતનો સ્વાતંત્ર્ય દિવસ અનેક મૂંઝવણો અને ગ્લાનિભર્યું વાતાવરણ લઈને આવ્યો હતો. આનંદીબેન સરકારની વિદાય પછી હજી નવા મુખ્યમંત્રીને શ્વાસ લેવાનો સમય નથી મળ્યો. એમને એકાએક ગજા બહારની જવાબદારી સ્વીકારવી પડી છે કારણ કે હાઈકમાંડ પાસે બીજો કોઈ વિકલ્પ ન હતો. મોરબી ખાતે આરામથી બે દિવસ રોકાઈ સ્વાતંત્ર્ય પર્વ ઊજવવાના કાર્યક્રમોમાં પૂ. પ્રમુખ સ્વામીના નિધનથી શોકની છાયા ફરી વળી હતી. મુખ્યમંત્રીને મોરબીના કાર્યક્રમો ટૂંકાવી હેલિકોપ્ટર મારફત બોટાદમાં ઉતરાણ કરવું પડ્યું અને સાળંગપુર પહોંચી જઈ બ્રહ્મલીન સંત શિરોમણિની શ્રદ્ધાંજલિમાં સામેલ થવું પડ્યું. પ્રમુખ સ્વામીની વિદાયથી ફક્ત સ્વામિનારાયણ સંપ્રદાયને જ ક્ષતિ નથી પહોંચી, તેઓ એવા મોટા ગજાના મહાત્મા હતા કે એમને યુરોપમાં તો ભારતના 'પોપ' જ માનવામાં આવતા હતા. વિશ્વના ખૂણે ખૂણે સ્વામિનારાયણ હિંદુ મંદિરોની હારમાળા રચીને પ્રમુખ સ્વામીએ બિનસાંપ્રદાયિકતાના ઓઠા હેઠળ લુપ્ત થઈ રહેલ હિંદુ સંસ્કૃતિને આંતરરાષ્ટ્રીય ફલક પર ઉજાગર કરવાનો જે પુરુષાર્થ કર્યો છે તે પોતે જ એક સાંસ્કૃતિક અને ધાર્મિક વર્લ્ડ રેકોર્ડ છે. ગાંધીનગરનું વિશ્વપ્રસિદ્ધ અક્ષરધામ મંદિર એ બાપાની જ પ્રસાદી છે. એમણે રાજધાની દિલ્હીમાં પણ ભવ્ય અક્ષરધામ મંદિરનું નિર્માણ કરાવીને એક અવિસ્મરણીય સાંસ્કૃતિક પરાક્રમ કર્યું છે. હિંદુસ્તાન મંદિરોનો જ દેશ છે, અહીં ગામેગામ મંદિરો છે. કેટલાંક તો અતિ પ્રાચીન છે અને ભારતવાસીઓની આસ્થાનાં શાશ્વત તીર્થ સમાન છે. પરંતુ કમનસીબે એમની થવી જોઈએ એવી રખેવાળી નથી થઈ શકી અને લેવાવી જોઈએ એવી કાળજી નથી લેવાઈ. ઘણાં તીર્થો ગંદકીનાં ધામ બની ગયાં છે અને ઘણાં મંદિરો ખંડેરોમાં ફેરવાઈ ગયાં છે. જે થોડાંક મંદિરો છે ત્યાં પણ સ્વચ્છતાના અને રાખ-રખાપતના પ્રશ્નો તો છે જ. કાશી વિશ્વનાથ કે દ્વારકાના જગત મંદિરની સરખામણીએ 'અક્ષરધામ'ની જાળવણી જુઓ તો તરત જ તફાવત ઊડીને આંખે વળગશે. સ્વામિનારાયણ સંપ્રદાય મૂળે તો વૈષ્ણવ વિચારધારાનો જ ફાંટો છે અને એ ફાંટામાં અનેક ફાંટા પડ્યા છે. ઉત્તરપ્રદેશના છપૈયાથી નીકળેલા તપસ્વીએ ગુજરાતને કર્મભૂમિ બનાવી. લોકોએ સહજાનંદને સ્વામિનારાયણ ભગવાન માની એમની પૂજા શરુ કરી. આ સહજાનંદ ઉર્ફે ભગવાન સ્વામિનારાયણની સંત પરંપરાનું ઉજ્જવળ નક્ષત્ર તે શાસ્ત્રી નારાયણ સ્વરુપ ઉર્ફે પ્રમુખ સ્વામી. ચરોતરના પાટીદાર પરિવારનું ફરજંદ કાળક્રમે વિશ્વસંત સ્વરુપે વિકસ્યું. એમણે બોલ્યા કરતાં આચરણ દ્વારા પ્રભાવ પાથર્યો છે. આવા સંતની વિદાયથી સ્વાભાવિક રીતે જ એમના ભક્તસમુદાય ઉપરાંત સમગ્ર ગુજરાત શોકાકુળ બને. પ્રમુખ સ્વામીએ શિક્ષણ અને આરોગ્ય ક્ષેત્રે સંપ્રદાય મારફત ઘણી મોટી હરળફાળ ભરી હતી. એમણે આદરેલાં અધૂરાં ન રહે તે જોવાની તે જોવાની એમના અનુયાયીઓની ફરજ બની જાય છે. કુદરતી આફતો વખતે આ મહાન સંતના એક જ ઈશારો કેવાં કેવાં કામ થયાં છે તેની પ્રતીતિ ગુજરાત સહિત દેશનાં ઘણાં રાજયોને વારંવાર થતી રહી છે. કચ્છના ભૂકંપ હોય કે આંધ્રપ્રદેશનું વાવાઝોડું. સ્વામીબાપાએ કયારેય પાછી પાની નહોતી કરી. દેશ અને દુનિયામાં બહોળો અનુયાયી વર્ગ

**તંત્રીસ્થાનેથી...**

ધરાવતા સ્વામીબાપાની વિદાય આપણા સાંસ્કૃતિક ક્ષેત્રે કયારેય ન પુરાય એવી ખોટ છે. કરોડો શ્રદ્ધાળુઓ માટે એ જીવતા જાગતા 'પ્રગટ બ્રહ્મ' જ હતા. હવે જયારે તેઓ બ્રહ્મલીન થયા છે ત્યારે એમના આત્માને રાજીપો થાય એવાં સેવાકાર્યો પૂ. મહંદ સ્વામીના માર્ગદર્શન હેઠળ ચાલતાં રહે એ જ અભ્યર્થના.

# કોઈ મોલ ભાવ વગર આજના અર્થપ્રધાન જમાનામાં કંઈ પણ થાય જ નહીં

મને પણ મૂલ્ય પર આધારિત રાજનીતિ બહુ જ ગમે છે. તેમાં કોઈ પ્રકારનો ઝગડો રહેતો નથી તથા પ્રજાને પરેશાન થવું પડતું નથી. આ બાજુ મૂલ્ય (કિંમત) ચૂકવી નથી કે તરત કામ થઈ જાય. આ એક સારી પ્રથા છે. ગમે તેમ તો ય રાજનીતિનું કંઈક મુલ્ય તો હોવું જોઈએ ને!

થોડા દિવસ પહેલાં સચિવાલયમાં એક કામ અટકી પડેલું, તેથી જવું પડ્યું. મેં ત્યાં વિભાગના અધિકારીને મારી સમસ્યા જણાવી તો એ આઘાપાછા થવા લાગ્યા. 'કાલે આવજો.' 'જોઈશું' એવા ચીલાચાલુ શબ્દો બોલવા લાગ્યા. મેં કહ્યું, આ મૂલ્યનો જમાનો છે. આદર્શ અને નૈતિકતાનું પુનઃસ્થાપન થઈ રહ્યું છે. હું જાણું છું તમે મૂલ્યનિષ્ઠ વ્યક્તિ છો, તો પછી આ જૂજ વાતોને છોડો.' 'હું પણ એ જ કહું છું. ઘોડો ઘાસ સાથે દોસ્તી કરશે તો પછી ખાસે શું? તમે મને એવી શિખામણ આપો છો જે મારી આજીવિકા ઉપર અસર કરે છે, હું પણ મૂલ્યોની જ વાત કરું છું. તેમાં નારાજ થવા જેવું નથી. આ કામ કરવાના બે હજાર થશે.' અધિકારીએ મૂલ્યનો ખુલાસો કર્યો.


મેં કહ્યું મને ખબર છે. પહેલાં પણ આના આટલા જ રૂપિયા થતા. પણ હવે સરકારે મૂલ્ય સ્થાપન કરી દરેક કામ કર્તવ્ય અને જવાબદારીમાં સામેલ કરી દીધાં છે. તેથી હવે તો આ કામ ભ્રષ્ટાચાર કે લાંચ વિના થવા જોઈએ. તેથી તમે મને ઉપર રજૂઆત કરવા વિવશ ન કરતા. ઉપર રજૂઆત કરવાની વાત પરે હસી પડ્યા. 'તો પછી નેક કામમાં વિલંબ ન કરશો. ઉપર જઈને વાત કરો. જે કામ હું બે હજારમાં કહું છું તેનો ઉપર રેટ પાંચ હજાર છે. જઈને ખાત્રી કરી લો.'

હું બબડતો બબડતો લિફ્ટથી ઉપર ગયો. તો એ બેઠાં બેઠાં માખીઓ મારતા હતા. મેં કહ્યું, 'સર, તમારા ફલાણા અધિકારી મારું કામ કરી આપવા મારી પાસે રૂશ્વત માંગે છે. એક તરફ મૂલ્યોની રાજનીતિનું ચલણ છે તે છતાં તેઓ માનતા નથી.' મોટા અધિકારી કરેલ હતા. તેમણે કહ્યું 'ગભરાવ નહીં. હું તમારું કામ કરાવી આપીશ. પણ ભાઈ શિષ્ટાચાર માટે તમારે કંઈક તો કરવું જ પડશે. રાજકારણમાં ભલે મૂલ્યોનો હ્રાસ થઈ ગયો હોય પણ અમે અમારું બજાર જાળવી રાખ્યું છે.'

'પણ એ તો ભ્રષ્ટાચારમાં જ આવે ને!'

'અરે રે... કેવો ગંદો શબ્દ તમે બોલ્યા. આને ભ્રષ્ટાચાર નહીં, ભાઈ શિષ્ટાચાર સમજશો ને તો કોઈ મુશ્કેલી નહીં પડે. એક સભ્ય માણસે આવા બખેડામાં પડવા કરતાં ચૂપચાપ પોતાનું કામ કઢાવી લઈ. બીજા કામે લાગી જવું જોઈએ. બાકી તમારી મરજી. અમારે ત્યાં તો પછી જે રીતે કામ તતું હશે એણ થશે. તમે નિરાંતે સૂઈ જજો.' મોટા અધિકારી તે જાણે કે આખી વાત કંઠસ્થ હતી.

હું બગડ્યો 'હું આ અંગે મંત્રીજી સમક્ષ રજૂઆત કરીશ. એક તરફ મૂલ્યોની વાત કરો છો ને આ બધું શું છે?'




એ પણ રજૂઆતની વાતે મોં બગાડી હાથ નચાવતા સ્મિત કરીને બોલ્યા. 'જેવી તમારી મરજી, મંત્રીજી હમણાં હમણાં વીસ લાખ ખરચી ચૂંટણી જીત્યા છે. તેમની કિંમત સાંભળશો તો ચક્કર આવી જશે.'

મેં કહ્યું એની પણ ખબર તો પડશે ને, તમારી બદલી કરાવી ન નાખું તો મારું નામ નહીં.

એમ કહી મેં મંત્રીજીના કચેરીમાં પ્રવેશ કર્યો. તો કિલ્લેબંધી નડી ગઈ. પહેલાં પટાવાળાએ રોક્યો અને ચા-પાણીની માંગણી કરી. પછી પી.એ. સુધી પહોંચ્યો તો તેણે કહ્યું 'તમારી અરજી આપી જાવ. મોકલી આપીશું.'

મેં કહ્યું 'હું જરા તેમની મૂલ્યો પર આધારિત રાજનીતિના વિચાર બિંદુ પર ડિસકસ કરવા માંગુ છું. કેમ કે આ વિચાર એમનો જ છે. તેથી તેમની સાથે વાત કરું એ જ ઠીક રહેશે. જો તમે એ બાબતે પ્રકાશ પાડી શકતા હોય તો મને કહો કે આમાં નવું લફરું શું છે?'

તેણે કહ્યું, 'લફરું બફરું કંઈ નથી. વાત એની એ જ છે. જરા નવા 'એડિશન'માં વાત કરવામાં આવી રહી છે. છતાં તમે આ બાબતે વાત કરવા માંગતા હો તો મંત્રીજી સાથે વાત

અનુસંધાન પાના નં. ૭ પર

# પ્રેમનો સ્વાદ કેવો? મીઠો, તીખો, કડવો કે બેસ્વાદ?

મીરાંબાઈએ ગાયું છે કે ''બાઈ રી, મૈં તો પ્રેમદીવાની, મેરો દરદ ન જાને કોય...'' પ્રેમનું દર્દ કોણ જાણે અથવા સમજે? ભગવાન સ્વામિનારાયણીય સંત પરંપરાના ભગવાનના સમયકાળના સંતકવિશ્રી પ્રેમાનંદજીએ પણ એક પદમાં લખ્યું છે કે ''સખી, પ્રેમી જાણે વાત પ્રીતની રે, શું જાણે બીજા એ રીતડી રે...''

વાત પ્રેમની છે. વાત પ્રેમના અહેસાસની છે. જે પ્રેમ કરે છે, તેને જ દર્દનો અહેસાસ થઈ શકે. એક વ્યક્તિ બીજી વ્યકિતને પ્રેમ કરે ત્યારે પહેલી વ્યક્તિ અહેસાસ કરી શકે. પરંતુ બીજી વ્યક્તિ પહેલી વ્યક્તિને પ્રેમ કરતી જ હોય એવું જરુરી છે? શું એવું હંમેશા બનતું હોય છે? એનો જવાબ મોટા ભાગના કિસ્સામાં ''ના''માં પણ આવે. દરેક કિસ્સામાં બેઉ વ્યક્તિ એકમેકને પ્રેમ કરતા જ હોય એવું ના પણ હોય.

તમે કદી કોઈ દિવસ બીમારી થાય એવું પસંદ કરો ખરા? ના. દુનિયામાં એવી કોઈ વ્યક્તિ ના જ હોય કે જે સામે ચાલીને કોઈ બીમારી આવે એવું ઈચ્છે. પ્રેમનું દર્દ દુનિયામાં એક માત્ર એવું દર્દ છે કે જેને સૌ કોઈ ઈચ્છે, ઝંખે, આશા રાખે કે થાય. પરંતુ આ દર્દ ગેબી છે, દૈવી છે, કુદરતી છે, પ્રાકૃતિક છે. આ વરદાન બધાને મળતું નથી. કદાચ એના માટે નસીબ જોઈએ. પ્રેમનું દર્દ વેચાતું ના મળે કે તેને ખરીદી ના શકાય. તેની દવા પણ દુનિયાના કોઈ મેડિકલ સ્ટોરમાંથી વેચાતી ના જ મળે.

પ્રેમનો સ્વાદ કેવો હોય છે? મીઠો, તીખો, કડવો કે પ્રેમ બેસ્વાદ હોય છે? જેવી જેની અનુભૂતિ, એવો પ્રેમ પરખાય. તમારું હૃદય પવિત્ર, તો પ્રેમ પણ પવિત્ર. તમારું હૃદય ભ્રષ્ટ યા કલુષિત તો પ્રેમ પણ ભ્રષ્ટ અને કલુષિત. સાચા પ્રેમનો સ્વાદ તો હંમેશા મીઠો અને મધુરો જ હોય છે. પ્રેમથી બનાવેલી રસોઈ હંમેશા મીઠાશ જ આપે. એમાં કડવાશ ના જ ભળે.

પ્રેમમાં ગુસ્સો ભળે ત્યારે સ્વાદ જરાક તીખો પણ થઈ જાય અથવા કડવો પણ થઈ જાય. પરંતુ એકંદરે તો તમને એ વ્યક્તિ ઉપર જ ગુસ્સો આવશે કે જેને તમે ચાહતા હો. તમારે જેની સાથે કોઈ સંબંધ જ ના હોય, તેની સાથે તમે લડતા કે ઝગડતા પણ નથી કે ગુસ્સો પણ કરતા નથી. કારણ કે તમારે એની સાથે કશી લેવાદેવા જ નથી.

પ્રેમમાં નફરતને કોઈ સ્થાન જ નથી. પ્રેમ હોય ત્યાં નફરત હોઈ શકે નહીં અને રહી શકે નહીં. જો નફરતનું અસ્તિત્વ હોય તો નફરત એ પ્રેમની ગેરહાજરીનું પરિણામ છે. પ્રેમની ગેરહાજરીનું બીજું નામ એટલે નફરત. તમે જેને ચાહતા નથી યા તમે જેને પ્રેમ આપતા નથી તેને તમે શક્ય છે કે નફરત જ કરો. યા તો તમને અન્ય વ્યક્તિ પ્રત્યે પ્રેમ હોય અથવા તો નફરત હોય. તટસ્થ ભાવ હોય એવું શક્ય જ નથી. કેમ કે તટસ્થ ભાવ તો સાધુ જ રાખી શકે. તટસ્થ ભાવ એટલે જ સાધુતા. બધા માણસ આવો તટસ્થ ભાવ કે આવી સાધુતા દાખવી શકે નહીં.

એક વ્યક્તિ જેને ચાહે છે, જેને પ્રેમ આપે છે, તેને નફરત ક્યારેય આપી શકે નહીં. પ્રેમમાં બદલાની અપેક્ષા ન હોય. બદલાની કે અપેક્ષાની ભાવના હોય તે તો લેવડદેવડ થઈ, આપ-લે થઈ, વેપાર થઈ ગયો કહેવાય. આથી પ્રેમની અનુભૂતિમાં તો એવી અપેક્ષા પણ ન રહે કે આપણે પ્રેમ આપીશું તો આપણને બદલામાં પ્રેમ જ મળશે. સામેથી પ્રેમ ન પણ મળે.

ગુજરાતી ગીતપંક્તિ છેઃ ''ફૂલ તો એની ફોરમ ઢાળી રાજી, કોઈનું નહીં ફરિયાદી, કોઈનું નહીં કાજી.'' ફૂલ એની સુવાસ પ્રસરાવે છે, પણ બદલામાં કશાયની અપેક્ષા રાખતું નથી. ફૂલ માટે પ્રેમ એટલે આપવાનો આનંદ. ફૂલ પોતાની પાસે જે છે એની સખાવત કરે છે. ફૂલ પાસે એક માત્ર મિલકત એની સુવાસ જ છે અને તે એની જ સખાવત કરે છે.




ફૂલ પાસે આપવા જેવું સુવાસ સિવાય બીજું કશું જ નથી. સુવાસ આપીને અટકી જવું ફૂલના સ્વભાવની નિયત યા નિયતિ નથી. સુગંધના વારસદાર ફૂલો મુરઝાયા પછી પણ પોતાનો દેહ નીચોવી દઈને અત્તરનું વરદાન દુનિયાને આપતા જાય છે. પ્રેમમાં ''આપવું'' એટલે શું? એ કદાચ આપણે ફૂલો પાસેથી શીખવું જોઈએ.

શું દરેક સંબંધમાં સ્વાર્થ જ હોય છે? એમ ન પણ બને. પરંતુ હકીકત એ છે કે મોટા ભાગના સંબંધ સ્વાર્થની બટકણી દોરથી જ બંધાયેલા હોય છે. એક વ્યક્તિ બીજી વ્યક્તિ સાથે કોઈને કોઈ સ્વાર્થથી પ્રેરીત થઈને જ સંબંધ બાંધે અથવા સંબંધથી જોડાય છે. જેવો સ્વાર્થ સંતોષાયો કે તરત સંબંધનું સમાપન. સંબંધનું સમાપન બે રીતે થાય છે. એક તો જો તમે સામી વ્યક્તિનો સ્વાર્થ પુરો કરી આપો કે કામ કરી આપો અથવા સ્વાર્થ પુરો ના કરી આપો યા કામ ના કરી આપો. બેઉ સ્થિતિમાં સંબંધનો દોર સમય આવ્યે તૂટવાનો જ છે.

ગરજ અને મતલબના બે એક સમાન પાટા ઉપર સંબંધ નામની ટ્રેન ચાલ્યા કરે છે. કોઈ મનથી મળતું નથી પરંતુ સ્વાર્થ અને કોઈ કામ કરાવી લેવાની લાલચથી જ મળે છે. ''સગાં સૌ સ્વાર્થનાં'' એવી કહેવત જાણીતી છે. એવી જ બીજી કહેવત પણ છે કે ''ગરજ સરી ને વૈદ્ય વેરી'' દર્દ હોય ત્યારે ઉપચાર માટે તબીબ પાસે જઈએ. પરંતુ બીમારી મટી જાય પછી કોઈ તબીબ પાસે જાય નહી. રિલેશનની રેસિપીમાં (૧) પ્રેમ (નિઃસ્વાર્થ), (૨) નિષ્ઠા, (૩) સમર્પણ, (૪) વિશ્વાસ (ભરોસો), (૫) સમાદર (સમ-આદર), (૬) વ્યવહાર (વર્તન) જરુરી તત્વો છે. એ વિના રસોઈ બગડે.

*જસ્ટ ટ્વીટ :*

*''કોઈનો દેખાવ સારો હોય પણ વિશ્વાસનું શું?*
*માનવી તો વર્તને વર્તાય, દેખાવે નહીં.''*

*- 'શયદા'*

# પ્રતિજ્ઞા પત્ર...!! ભારત મારો દેશ છે, બધાં ભારતીયો મારા ભાઈબહેન છે, હું મારા દેશના ચાહું છું...!!

સ્કૂલમાં પ્રવેશ લીધાંના પહેલાં ધોરણથી પ્રાર્થનામાં પ્રતિજ્ઞાપત્ર રોજ વંચાય અને બોલાવાય... ભારત મારો દેશ છે, બધાં ભારતીયો મારા ભાઈબહેન છે. (મજાકમાં એકને છોડીને...) ... હું મારા માતાપિતા, શિક્ષકો તથા વડીલો પ્રત્યે આદર રાખીશ, હું મારા દેશ અને દેશ બાંધવોને મારી નિષ્ઠા અર્પું છું, તેમના કલ્યાણ અને સમૃદ્ધિમાં જ મારું સુખ રહ્યું છે... સાથે રાષ્ટ્રગીત પણ ધોરણ દસ, કદાચ બાર સુધી નિયમિત બધાં વિદ્યાર્થીઓ ગાઈ છે અને એટલે ખૂબ સહજપણે રાષ્ટ્રભાવના નાનપણથી આપણામાં સિંચાતી હોય છે.



સ્કૂલ છૂટે અને કૉલેજ શરૂ થાય એટલે ઘણીબધી વસ્તુઓ એટલે કે યુનિફોર્મ, હોમવર્ક, શિસ્ત, ટાઈમટેબલ, આદર અને સાથોસાથ આ પ્રતિજ્ઞાપત્ર અને રાષ્ટ્રગીત પણ છૂટી જાય છે. પણ પંદર ઓગસ્ટ, સ્વતંત્રતા દિવસ અને ૨૬ જાન્યુઆરી ગણતંત્ર દિવસે માત્ર પાછી દેશભક્તિ બધામાં ઉછાળા લેવા માગે છે. મોબાઈલના ડીપીથી લઈ સ્ટેટ્સ બદલાય છે. ત્રિરંગો લહેરાતો જોઈ મન પ્રફુલ્લિત થઈ જાય છે. સૈનિકો પ્રત્યે આદર અને દેશ પ્રત્યે પ્રેમ જાગૃત થઈ જાય છે. મોટરસાઈકલ પર ધ્વજ લઈને રેલી નીકળે છે. વંદે માતરમ્‌ના નારા અને રાષ્ટ્રગીત બુલંદ અવાજે ગવાય છે.

'ન્યુ ઈયર પાર્ટી' અને 'વેલેન્ડટાઈન ડે'ની જોરદાર તૈયારી કરતાં કે ઈવન 'ફ્રેન્ડશીપ ડે' ઉજવતા યુવાનો જોઈને અનેક જણાં દેશ, સંસ્કૃતિ, પરંપરા, પૂર્વજોએ શું કર્યું એ અને આજના આ છોકરાઓ શું કરે છે, એવી વાતો કરીને યુવાનો પ્રત્યે ભડાશ કાઢે છે, અણગમો વ્યકત કરે છે. 'આજકાલના છોકરાઓ' આવો શબ્દપ્રયોગ અનંતકાળથી વપરાતો હોવા છતાં એ આજે પણ તરુણ છે. કારણ આજના વડિલોને એમના વડિલોએ 'આજકાલના છોકરાં' જ કહ્યાં હતા! અને એ આ વડિલો ભૂલી જાય છે.

એટલે મોટે ભાગે 'આજના યુવાનો' એ નકારાત્મકતાથી લેવાય છે અને આ નેગેટીવ દૃષ્ટિકોણ પાછો ઈન્ટરનેટના વપરાશ પછી વધી ગયો છે. વિશ્વ ખૂબ નાનું બની ગયું હોવાથી યુવાનોના વિચાર અને દેશપ્રેમ માટે ખૂબ ટીકા ટિપ્પણી થાય છે. એમાંય વિદેશમાં ભણવા કે નોકરીમાં જતાં રહેવાથી 'દેશપ્રેમ ખતમ' એવું લેબલ મારી દીધું છે. પણ રિઅલ પિકચર અલગ છે. આજના યુવાનોમાં પણ દેશદાઝ ભારોભાર છે, એ ભારદ દેશને દિલથી પ્રેમ કરે છે. ૧૫ ઓગસ્ટ સ્વતંત્રતા દિવસની તડામાર તૈયારી કરે છે. શહેર-ગામ-સોસાયટી બધે ત્રિરંગો સ્વમાનભેર લહેરાય છે અને બુલંદ અવાજે રાષ્ટ્રગીત પણ ગવાય છે.

> વિજયી વિશ્વ તિરંગા પ્યારા, ઝંડા ઊંચા રહે હમારા!
> સદા શક્તિ સરસાનેવાલા, પ્રેમ-સુધા બરસાને વાલા
> વિરોંકો હરસાનેવાલા, માતૃભૂમિકા તન-મન સારા,
> ઝંડા ઊંચા રહે હમારા...!

'બુલંદ ભારત કી બુલંદ તસવીર, હમારા બજાજ' લઈને ફરનારાને હજી પણ યુવાનોની દેશભક્તિમાં ડાઉટ છે. ઓગસ્ટ મહિનાના પહેલા રવિવારે ફ્રેન્ડશીપ ડે ઉજવતી વખતે પણ તેઓ સ્વતંદ્દતા દિવસની ઉજવણીનો પ્લાન ઘડતાં હોય છે. કૉલેજમાં વૃક્ષારોપણથી લઈ 'ત્રિરંગા ડ્રેસ' કે દેશભક્તિ ગીતોની સ્પર્ધાનાં પણ આયોજન થાય છે. મલ્ટિપ્લેક્સ મુવી જોવા ગયેલા યુવાનો રાષ્ટ્રગીત વખતે માત્ર સાવધાન થઈ રાષ્ટ્રગીતનું ગાન કરતાં હોય છે.

સ્વતંત્રતા પછી ભારત દેશમાં અનેક બદલાવ આવ્યા છે. સમયાનુસાર જરૂરિયાત બદલાઈ છે. માણસો બદલાયા છે અને એના પરિણામો પણ બદલાયા છે. ટેકનોલોજી આવતાં રોજિંદા જીવનની ઘટમાળ બદલાઈ ગઈ છે. કૉલેજમાં જીન્સ-ટીશર્ટ કે ટોપ-સ્કર્ટમાં છોકરી આવતી થઈ, બોલ્ડ એન્ડ બ્યુટીફુલ થઈ છે. છોકરાઓ ફાટેલા જીન્સ કે કરંટ લાગેલા વાળ જેવી ફૅશન કરતાં થયાં... અને છતાંય સ્વતંત્રતા દિવસ વિશેની એમની આત્મીયતા, પ્રેમ, લગાવ થોડો પણ ઓછો થતો નથી.

સત્ય હકીકત એ છે કે છેલ્લા થોડાં વર્ષોમાં તો યુવાનો પોતે આગેવાની લઈને શહેર, સોસાયટી, સંસ્થાને આંગણે પોતાનો અલાયદો ધ્વજવંદન કરતાં થયાં છે. સમાજસેવા, વ્યસનમુક્તિ, બ્લડ ડૉનેશન, અન્ન કે ફળ વિતરણ કરી સમાજના છેવાડાના લોકોને પણ દેશભક્તિના રંગે રંગી આવે છે.




કૉલેજમાં ભણતી વખતે 'એનસીસી' કે 'એનએસએસ'ના કોર્સને કારણે વધારાનો દેશપ્રેમ જાગૃત થાય છે. ખાખી વર્દીમાં કરેલી પરેડ અને દિલ્હીની રિપબ્લિક ડે માટે તનતોડ મહેનત કરતા યુવાનોમાં દેશપ્રેમ રેડાય છે અને એ પૈકીના કેટલાય ભારતીય સૈન્યમાં જોડાય છે. એનએસએસને કારણે સમાજસેવાની ટેવ પડે છે અને એમાંથી જ સારા સમાજસેવકો તૈયાર થઈને જરૂરિયાત મુજબના કાર્યક્રમો કરે છે.

ધ્વજવંદનને દિવસે સમાજ કે અન્ય ક્ષેત્રના મહાનુભાવોની વાતોથી પણ દેશભક્તિની ચિનગારી સળગે છે. દેશમાં શું ચાલી રહ્યું છે. દેશ કયા ક્ષેત્રે અગ્રેસર છે, અને યુવાનો પોતે કયાં ક્ષેત્રે કામ કરીને દેશની પ્રગતિમાં ભાગીદાર બનશે એવું સતત વિચારતા હોય છે. રાષ્ટ્રીય ઈમારત પર લહેરાતા ત્રિરંગાને જોઈને દરેક યુવાન એક ગૌરવની લાગણી અનુભવે છે.

આજકાલ યુવાનોના અનેક ગ્રુપ સમાજમાં સારી પ્રવૃત્તિ કરવા કાર્યરત થયાં છે. સમાજનો એકવર્ગ માત્ર વ્યસન અને મોબાઈલમાં ખૂંપેલા યુવાનોને જોઈને આખી યુવા પેઢીને ભાંડે છે ત્યારે સામે બિલકુલ યુવા વયે તન-મન-ધનથી રાષ્ટ્રપ્રેમની જયોત લઈને નીકળેલા યુવાનો પણ મોટરસાઈકલ પર ત્રિરંગાની સવારી કાઢી પ્રતીતિ કરાવે છે કે હિન્દુસ્તાનનો યુવાન ખમતીધર છે અને દુશ્મનને પહોંચી વળવા સક્ષમ છે.

ઈન્ટરનેટની દુનિયામાં સતત ઓનલાઈન રહેતા યુવાનોના મોબાઈલ અને એની ટ્યુન પર દેશભક્તિથી સેટ હોય છે. વોટ્સએપ, ફેસબુક, ટ્વિટર જેવી નેટવર્કિંગ સાઈટ્સ પર ત્રિરંગો લહેરાતો જોવા મળે છે. હમણાં તો એક નવી એપમાં ત્રિરંગાની ઘણીબધી થીમમાં મિત્રોના ફોટા સેટ કરીને એમને મોકલવાનું કામ પણ ઘણા ટેકનોસેવી મિત્રો કરતાં જોવા મળે છે.

સ્વાતંત્ર્ય સેનાનીના ફોટા, ત્રિરંગો કે સ્ટેટ્સમાં વંદે માતરમ્ સાથે વીરરસના ગીતો મુકતા યુવાનોને કેવી રીતે કહી શકાય કે એમનામાં દેશપ્રેમ નથી? વડિલો જેટલું માને છે એટલાં આજનાં યુવાનો ખરાબ કે ખાડે ગયેલા નિશ્ચિત નથી જ, તેઓ કાશ્મીર, નિર્ભયા, ભૂકંપ, પુર વખતે એમનો જાગૃત ફાળો આપે જ છે, અને ભારતના બંને રાષ્ટ્રીય તહેવારને દિલથી સેલ્યૂટ મારે છે. કોઈ ગમે તે કહેતું હોય બાકી આજના યુવાનોમાં દેશદાઝ ભરપૂર છે જ. અને એનાં મૂળમાં તો પેલી પ્રતિજ્ઞા પત્ર કે રાષ્ટ્રગીતનાં શબ્દો જ કદાચ વધુ અસરકારક છે એવી શ્રદ્ધા સાથે જય હિંદ!

ચૂંટલો : પ્રતિજ્ઞા પત્રની જ ગમતી અને જીવનમાં ઉતારી લેવા જેવી પંક્તિ જ કદાચ આજના જમાનાની સાચી જરૂરિયાત છે... 'હું મારા દેશને ચાહું છું અને તેના વૈવિધ્યપૂર્ણ વારસાનો મને ગર્વ છે. હું સદાય તેને લાયક બનવા પ્રયત્ન કરીશ. જય હિન્દ!'